## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

સુખ તો એવું લાગતું જાણે પાંદડાં ઉપર પાણી,
ઉકેલવી રે કેમ કરી આ પરપોટાની વાણી ?

આંખ ખોલું તો મોંસૂઝણું
ને આંખ મીંચું તો રાત
ખૂલવું ને મીંચાણા વચ્ચે
આપણી છે ઠકરાત

પળમાં પ્રગટે ઝરણાં જેવી કોઇની રામકહાણી
ઉકેલવી રે કેમ કરી આ પરપોટાની વાણી !

- દિલીપ જોશી

### પાથેય

વ્યકિત મટીને જયારે આપણે વિશ્વમાનવી બનીએ છીએ ત્યારે સમષ્ટીની વ્યાપકતાનો ખયાલ આવે છે.જે માણસ ખુલે છે એ જ જગતના પારણે ઝુલે છે.. અઢારમા વર્ષે યુવાનીના સંચાર સાથે મોહનદાસ ગાંધી સમુદ્રની અફાટ જળરાશીને અતિક્રમી દક્ષિણ આફ્રિકા ગમન કરે છે ત્યારે એક નવી સૃષ્ટીને આત્મસાત કરે છે...એમની દ્રષ્ટિને બૃહદ આકાશ મળે છે..અમારી ગામઠી શાળાના આચાર્ય એ અમને જીવનમંત્ર આપેલો કે 'મનને ખુલ્લું રાખવું.. મુકતવિહાર કરવો. બંધિયારપણું એ અભિશાપ છે.'

કુદરતના કારોબારમાં કશુંય પણ બંધિયાર નથી..દિશાઓ ખુલ્લી છે, આકાશ ઉઘાડું છે,દરિયો અફાટ છે, રણનો પથારો અસિમિત છે..ફકત માણસની નજરને જ જાણે લગામ છે..! આપણે જો ખુલ્લાપણાને આત્મસાત કરીએ તો જ જીવનનો સાચો અર્થ પામી શકીએ..એ માટેની પ્રથમ શરત છે ચાલવું..ઉઘડવું..

સ્વૈરવિહારની પણ અનોખી સહેલગાહ હોય છે...વૃક્ષ વિકસે છે...ફેલાય છે..આકાશ અસીમ છે..તરણું ખુલ્લી હવામાં લહેરાય છે..પ્રકૃતિમાં કયાંય બંધિયાર માહોલ નથી...માણસ પણ એના અંશ તરીકે જો વ્યાપ વધારે તો અનેક અજાયબીઓ પામતો હોય છે..

આપણે જયારે વ્યાપક અભિગમ અપનાવીએ છીએ ત્યારે આપણી માન્યતાઓને નવો આયામ મળે છે..આપણે બીજાની વાતમાં પણ વજૂદ જોઇ શકીએ છીએ..મનની બારી ઉઘાડી કરીએ છીએ ત્યારે નવી દિશાઓ ની તાજગી તરબતર કરી જાય છે. વૈશ્વિક અભિગમ થી જીવનાર માણસ કયારેય કૂપમંડૂક નથી હોતો..માણસે સમષ્ટિનું સાનિધ્ય પામવું હોય તો મુકત મને વિહરવું જોઇએ..એકવખત એ રાહ અપનાવ્યા પછી સ્થગિતતાનો શાપ આપણને લાગતો નથી.

આજના માણસની સ્થિતિ એવી છે કે દુનિયા એની મુઠ્ઠીમાં છે અને ચરણ અટકી ગયેલાં છે..પહેલાં દુનિયા સિમીત હતી..પગદંડીઓ જ હતી પણ માણસની ખેપ અને રઝળપાટ એને વ્યાપકતાનો એહસાસ કરાવતી...ચાલવું..વાંચવું કે લખવું એ જાણે સ્મૃતિવશ થતું જાય છે..ભૌતિકતાની દોડ માં આપણે સાચા અર્થમાં દોડવાનું ભુલી જ ગયા છીએ..દોડ શબ્દ હવે કેવળ હોડનો પર્યાય બન્યો છે..સીમાડા, શેઢા ,ગોદરું કે પાદર જેવા શબ્દો પરાયા લાગે છે..સેલ્ફીનું બીજું નામ આત્મરતિ છે...પોતાની આંખોથી માત્ર પોતાને જ નિહાળતો માણસ નેજવાની નજરે નભદર્શન કરે એવી તો આશા પણ કયાંથી રાખી શકાય?

# 'હિંદુરાજ'નો એજંડા સર્વ માન્ય બની ગયો

**તંત્રીસ્થાનેથી...**

સમય કેવી કેવી લીલા રચતો રહે છે ! ૧૯૨૫માં સ્થપાયેલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું સપનું દેશને 'હિંદુ રાષ્ટ્ર' તરીકે પુનઃ સ્થાપિત કરવાનું જે હતું. હજારો વર્ષો પૂર્વે અહીં દ્રવિડ પ્રજા હતી તે પ્રકૃતિ પૂજન હશે પણ હિંદુ નહોતી. 'હિંદુ' શબ્દનું મૂળ 'સિંધુ'માં શોધવાનો પ્રયાસ થયો છે. સિંધુ ખીણ માટે અંગ્રેજીમાં 'ઈન્ડસ વેલી' - **Indus Vell** શબ્દ વપરાતો રહ્યો છે અને એના પરથી ઊતરી આવ્યો છે ભારત કે હિંદુસ્તાન માટેનો અંગ્રેજી શબ્દ **INDIA** હિંદુસ્તાન શબ્દ પ્રત્યે આઝાદીના બિન સાંપ્રદાયિક લડવૈયાઓને પણ વાંધો નહોતો. ગાંધીજીએ એમનાં લખાણોમાં 'હિંદ' શબ્દ વાપર્યો છે. પરંતુ બંધારણમાં આમુખ લખતાં '**India that is Bharat**' - 'ઈંડિયા એટલે કે ભારત' એવા શબ્દો વપરાયા છે. સનાતન હિંદુ ધર્મ એ ધર્મ કરતાં કંઈક વિશેષ હોવાનું ખુદ સર્વોચ્ચ અદાલતે સ્વીકાર્યુ છે. હિંદુ ધર્મ એ જીવન શૈલી છે. એ અત્યંત ઉમદા, કરુણાસભર જીવન-શૈલીથી આકર્ષાઈને જર્મન વિદ્વાન ફિલસૂફથી લઈ આજના કેરળના મલયાલમ અભિનેતા-ફિલ્મ જગતની સેલિબ્રિટીઝ હિંદુ ધર્મ અપનાવી રહેલ છે. હિંદુઓએ ક્યારેય વટાળ પ્રવૃત્તિ કરીને ધર્મ પ્રચાર કર્યો નથી. હા, દયાનંદ સરસ્વતીએ જરૂર હિંદુ ધર્મ છોડી અન્ય ધર્માવલંબી થયેલાઓને પાછા આર્યસમાજી બનાવવાની વાત કરી હતી. પરંતુ ખ્રિસ્તી મિશનરીઓ કે ઈસ્લામના મૌલવીઓની જેમ ધર્મ પરિવર્તન કરાવવાનો કાર્યક્રમ હિંદુ ધર્મમાં હતો પણ નથી તેમ ભવિષ્યમાં હશે પણ નહીં.

એમાં વર્ણવ્યવસ્થા જેવું દૂષણ છે તે દૂર કરતાં પણ ધર્મગુરુઓના નાકનાં ટીચકાં ચડી જતાં હોય ત્યાં એમાં અન્ય ધર્માવલંબીઓને સામેલ કરવાની ઝુંબેશ તો દૂરની વાત થઈ. હા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા ભાગવત કહે છે તેમ હિંદુસ્તાનમાં જન્મેલા અને રહેનારા દરેક જણને ઉદારભાવે 'હિંદુ' જરૂર કહી શકાય.

છેલ્લા ચાર-પાંચ દાયકાઓથી 'હિંદુત્વ'નો એજંડા કેન્દ્રમાં રાખીને સંઘ પ્રેરિત સંગઠનો અને જનસંઘના નવા અવતાર સમી ભારતીય જનતા પાર્ટીએ ઘણાં લક્ષ્યાંકો આંબ્યા છે. ક્યારેક સંકુચિત વલણ ગણાતુ હિંદુત્વ આજે શાસન માટેનું મહત્વનું સૂત્ર બની ગયું છે. ભારતીય જનતા પાર્ટીએ હિંદુ બહુમતીનો મોટો ભાગ એના પ્રભાવ ક્ષેત્રમાં ખેંચી લીધાની પ્રતીતિ થયા પછી કોંગ્રેસને પણ અત્યાર સુધીની એની બિન સાંપ્રદાયિકતાની રાજનીતિ નુકસાનકારક લાગવા માંડી છે. મમતા બેનરજીએ પણ પોતે શિવભક્ત હોવાની જાહેરાત કરવી પડી હતી અને સોનિયા-પ્રિયંકા પણ ત્રિવેણી સંગમમાં ડૂબકીઓ મારી ચૂક્યા છે. રાહુલ ગાંધીને કોંગ્રેસના વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવાના આશય સાથે એ રાજપરિવારના વિશ્વાસુ સામંત એવા રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોતે આયોજિત કરેલી વિશાળ જયપુર રેલીમાં રાહુલને પણ 'હિંદુ રાજ' લાવવાનો ઈરાદો વ્યક્ત કરવો પડ્યો છે તે હિંદુ સમાજની અંતર્નિહિત તાકાતનો જ પરચો છે. રાહુલને કોઈ વિદ્વાન ભાષા શાસ્ત્રીએ ટપારી ટપારીને 'હિંદુ' અને 'હિંદુત્વવાદ'ની વચ્ચેનો ભેદ સમજાવ્યો લાગે છે. હકીકત તો એ છે કે 'હિંદુત્વ' શબ્દ એ હિંદુપણુ સૂચવે છે - એ 'હિંદુ'નું ભાવવાચક સ્વરૂપ છે. હિંદુત્વવાદ એ જ અર્થમાં છે જેમ 'ગાંધી' અને 'ગાંધીવાદ'. ગાંધી વિચારને આપણે 'ગાંધીવાદ' કહીએ છીએ. ગાંધી એટલે પેલા પોતડીવાળા મો.ક. ગાંધી અને ગાંધીવાદીમાં તો સરદાર પટેલ, નહેરુ, મોરારજીથી માંડી રાહુલ ગાંધી સુધીની મોટી યાદી આવી જાય. પરંતુ મોરારજી સુધીનો ગાંધીવાદ એ ઈંદિરા પછીના ગાંધીવાદથી જુદો પડે છે. ગાંધીજી હિંદુ હતા એમ રાહુલ પણ હિંદુ છે - જો કે એમના પિતામહ પારસી હતા એ દષ્ટિએ તેઓ વૈશ્વિક હિંદુ છે જેમાં પારસી પિતૃત જિન્સ અને માતૃપક્ષે ખ્રિસ્તી યુરોપિયન જિન્સનું રમણીય મિશ્રણ થયેલુ છે. રાહુલની એક વાત સાચી કે ભારતીય જનતા પાર્ટીએ 'હિંદુ' અને હિંદુત્વનો રાજકીય લાભ લેવાની જ કૂટનીતિ અપનાવી છે. હવે પોતાને પણ ના છૂટકે 'હિંદુ રાજ' લાવવાની વાત કરવી પડે છે કારણ કે દેશમાં હિંદુઓની બહુમતી છે ! રાહુલ ગાંધીને 'હિંદુ રાજ' સ્થાપવાની વાત કરવી પડી એ સમયની જ બલિહારી છે. હજી નરેન્દ્ર મોદી હિંદુ રાષ્ટ્રની ખૂલીને વાત કરતાં અચકાય છે. ઓવૈસીથી લઈ સ્વ. અહમદ પટેલ કે સલમાન ખુરશીદને રાહુલનો 'હિંદુવાદ' ગમે નહીં જ, કારણ કે બંધારણ મુજબ દેશમાં 'હિંદુરાજ'ને કોઈ જ અવકાશ નથી.

# પરસ્પર પ્રત્યે ક્યારેય શંકા નહિ પણ શ્રદ્ધા જ જો હૃદયમાં ને બુદ્ધિમાં ઠાંસોઠાસ ભરેલી હોય તો જીવતરમાં પ્રસન્નતાના અજવાળા પથરાય છે




''લગ્ન જીવનના ત્રણ દાયકા પુરા કર્યા એ માટે તમને બંન્નેને અભિનંદન'' એક દંપતિના ઘરે મેરેજ એનીવર્સરી નિમિત્તે યોજાયેલ મિલન સમારોહમાં બીજા મિત્રએ શુભેચ્છા પાઠવતા કહ્યું.

બીજા મિત્રએ પ્રસન્ન અને સમજદારીભર્યા દામ્પત્ય જીવનનું રહસ્ય પુછ્યું એટલે જેની તીથિ હતી એ પત્નીએ કહ્યું ''હું જરા જેટલું બોલું અને એ પંદર મીનીટ પ્રવચન આપે'' બસ એમાં તમે સમજી જાવ. એટલે આ વાતનો છેડો આગળ લઈ જતા પ્રથમ મિત્રએ કહ્યું ''ભાભી, તમે જરાક બોલો છો પણ અમારો આ ભાઈબંધ એની પાછળ પંદર મીનીટનો સમય આપે છે તમારે મન એ સમય ટાઈપાસ છે'' અને બધા હસી પડ્યા.

સામાન્ય રીતે દર વર્ષે શિયાળો કે ઉનાળામાં મેરેજ સીઝન આવે એટલે જેમના લગ્નના દસ-વીસ કે પચ્ચીસ વર્ષ પુરા થયા હોય એવા દાંમ્પત્ય જીવના યાત્રીઓ સોશીયલ મીડિયામાં ફોટા સાથે પોસ્ટ મુકે અને એમના ગૃપના મિત્રો શુભકામનાઓ પાઠવે. એવું પણ નોંધ્યું છે કે જેની મેરેજ એનીવર્સરી હોય એ ભાઈ સોશીયલ મીડીયામાં રાત્રે ૧૨ (એટલે કે જે તે તારીખના પહેલા કલાકમાં) વીશ કરે એની પત્નીને કહેવાનું મન થાય કે ભાઈ, તારી બાજુમાં તારી સાથે જ તારા પત્ની છે. એમને તારા રૂમમાં જ વીશ કરને !!!

દાંમ્પત્ય જીવનની ખાટી-મીઠી દાળ આખરે પાચક પણ હોય છે ને સ્વાદિષ્ટ પણ હોય છે, એવો અનુભવ મોટાભાગના લોકોમાં હોય છે. દામ્પત્ય જીવનમાં પત્નીને પ્રેમ અને પુરૂષનો અધિકાર જોઈએ છે, પત્નીને સુંદર દેખાવું ગમે, ને પતિનો સુંદરતા જોવી ગમે. પત્નીના સમર્પણ સામે પતિ પણ સમર્પણ કરતો જ હોય છે પતિ એટલે માત્ર ધાર્યું કરનારો કે જોહુકમી કરનારો એવી છાપ હવે સમાજમાંથી દૂર થતી જાય છે.

એક હળવી વાતના કેન્દ્રમાં સ્પ્લીટ એરકન્ડીશન કેન્દ્રમાં છે, પ્રતિક રૂપે છે. સ્પ્લીટ એ.સી. જેમ બહાર જ અવાજ કરે એમ ડાહ્યો પતિ ઘરની બહાર જ વધુ બોલે છે.

કવિ બાલમુકુંદ દવેની એક ગીત રચનાના મુખડામાં ગવાયું છે

''તારી તે વાટ મહીં
મારું તે તેલ,
મહીં જ્યોતિ તે
આપણા બેની''

અર્થ એ ક પતિ-પત્ની સાથે મળીને એમના કર્મો થકી એમના સંસ્કાર થકી સમાજ જીવનમાં અજવાળા પાથરે છે. લાગણીની સંવેદનાઓ-પ્રેમ-હાસ્ય-આનંદ પ્રસરાવે છે. એવી જ બીજી યાદગાર રચના તો ગુજરાતી કાવ્ય સંગીતનું શિરમોર ગીત બની રહી છે કેવા રે મળેલા મનના મેળ રૂદિયાના રાજા

લગ્નજીવનના, સફળ અને સાર્થક જીવનના પાયામાં છે પરસ્પરને પામવાની સમજણ-પ્રેમમાં જે માપવા જાય તે ક્યારેય ના ફાવે, પ્રેમમાં તો માત્ર પામવાનું હોય, કેટલું મેળવ્યુ એ નહિ, કેટલું આપ્યુ એની મહત્તા થકી જ આ સંબંધમાં ગૌરવ ભળે છે. દામ્પત્ય જીવનમાં બન્ને પાત્ર એકબીજાના સ્વભાવને સમજે, આદતોનો સ્વીકાર કરે, પ્રકૃતિને પામે તો બહુ વાંધો ન આવે પરંતુ પોતાની જ અપેક્ષા વિચાર કે જીદ પ્રમાણે સામેની વ્યક્તિએ જીવવું જોઈએ એમ જો આગ્રહ રાખે ને એવું જ આચરણ કરે તો એ દામ્પત્યમાં વિખવાદ આવે જ. પરસ્પર પ્રત્યે ક્યારેય શંકા નહિ પણ શ્રદ્ધા જ જો હૃદયમાં ને બુદ્ધિમાં ઠાંસોઠાસ ભરેલી હોય તો જીવતરમાં પ્રસન્નતાના અજવાળા પથરાય છે.

### દિન મહિમા

- રાષ્ટ્રીય ઊર્જા બચત દિવસ : ભારતમાં રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણના દિવસે નાગરિકોને ઊર્જાના મહત્વની સાથે બચત અને ઊર્જાના બચત માધ્યમથી સંરક્ષણ માટે જાગૃત કરવાનું છે.

### આજનું ઔષધ

- અતિશય એસીડીટી રહેતી હોય તો સવાર-સાંજ ધાણા-જીરુંનું ચૂર્ણ સમાન ભાગે સાકર સાથે લેવાથી મટે છે.

### ખડખડાટ

- ચૂંટણી લડી રહેલી સ્ત્રીને પત્રકારે પૂછ્યું : તમને ચૂંટણી લડવાનો ખ્યાલ કેવી રીતે આવ્યો ?

સ્ત્રી : જયારે પણ હું મારા પતિ સાથે લડું છું ત્યારે જીત મારી જ થાય છે.

### આજનો વોટ્સએપ

- મહેનત, મુલાકાત અને મુસાફરી હંમેશા રંગ લાવે તેવી જ કરવી.

### વિચાર

- આનંદ એટલે પાંચ તત્વોનો સરવાળો. જેમાં પ્રેમ, ક્ષમા, હકારાત્મકતા, આશા અને સારાં કર્મ છુપાયેલા છે.
  - ડૉ. હરીશ પારેખ
- જયારે કોઈતમારા સત્યને પહોંચી નહિ શકે એટલે તમારા વિરુધ્ધ ષડયંત્ર રચવાનું ચાલુ કરશે.
  - ચંદ્રકાન્ત બક્ષી
- કોઈની સલાહથી રસ્તો જરૂર મળી જાય છે પણ મંઝિલ તો પોતાની મહેનતથી જ મળે છે.
  - મોરારિ બાપુ
- તકલીફનો સામનો બહાદુરીથી કરાય છે કે ડરપૂર્વક... એમાં જ સફળતા અને નિષ્ફળતા નક્કી થાય છે.
  - બોધિવૃક્ષ

# માત્ર હમદર્દીનો યાચક થયો માનવ પાસે, શું એ કહેવાની જરુરત છે કે નિષ્ફળતા મળી !




એક અગત્યની સૂચના-માણસ ખોવાયો છે. કોઈ શોધી આપોને. આજે માણસનો માણસ પરથી જ વિશ્વાસ ઊઠી ગયો છે. આથી જ પરિવારમાં, ઘરમાં માનસની ગેર હાજરી જોવા મળે છે.

દંભ અને સ્વાર્થના તાણાવાણામાં મનુષ્ય પોતે જ એવો તો અટવાયો છે કે હવે આ ચક્રવ્યુહમાંથી બહાર નીકળી શકતો નથી. ચાપલૂસીમાં રત એવો વ્યક્તિ ક્ષણિક સ્વાર્થ માટે કોઈનું બુરું કરતા અચકાતો નથી.

સમય પ્રમાણે અને સંજોગોવશાત તેના સિદ્ધાન્તો બદલાય છે.ક્યારેક દંભી બનીને જોરશોરથી જે પ્રામાણિકતાની વાતો કરતો હોય છે તે જ વ્યક્તિ પોતાના સંતાનના માર્કસ વધારવા માટે શિક્ષકના ઘરે જાય છે.

નબળા માણસને જોઈને સિંહ જેવો બનીને ત્રાડ પાડનારો વ્યક્તિ પોતાનાથી બળુકાને જોઈને બકરી બની જાય છે,તેની જોહુકમી સહન કરી લે છે. સિંહમાંથી શિયાળ બનતા વાર લાગતી નથી.

જે મૂલ્યો નીતિ નિયમો અને સિદ્ધાંતોને ખાતર એક સમયે હો-હા કરી મૂકી હોય તે મૂલ્યોને કોરે મૂકીને છડેચોક કાળાધંધા કરવામાં વ્યક્તિ કોઈ નાનપ અનુભવતો નથી.

ગાડી ચલાવતાં ચલાવતાં મિત્ર સાથે મોબાઈલ પર દેશના કરપ્શન વિશે ગંભીર ચર્ચા કરતા વ્યક્તિને ટ્રાફિક પોલિસ પકડે ત્યારે ૫૦/- આપીને ફરી આગળ વધતો,કરપ્શનની ચર્ચા આગળ ચલાવે છે.

ડબલ ઢોલકી માનસિકતાવાળો આજનો વ્યક્તિ એક સાથે ખૂબ જ સારો અને ખૂબ જ ખરાબ ચહેરાઓ-મ્હોરાઓ લઈને ફરે છે,પરિસ્થિતિ અને સગવડ પ્રમાણે ચહેરા પરથી મ્હોરા બદલાતા રહે છે.

મૃત્યુ પામતા પહેલા જ મરેલા લોકો પોતાના પ્રેત સાથે જીવે છે. પ્રેમ વફાદારી,ઈમાનદારીની દુનિયાદારી ચલાવે છે. આ બધી ભાવના સાથે તેમનો દૂર-દૂર સુધી કોઈ નાતો નથી, પણ હા એકાદ કલાક સુધી પ્રેમ અને વફાદારી ઉપર ભિન્ન ભિન્ન ઉદાહરણ સાથે પ્રવચન આપી શકે છે. જેમને પોતાના ઉપર શ્રદ્ધા નથી તેઓ પ્રવચન આપવામાં એક્કા હોય છે.

એક એવા મનુષ્યને મળવું છે જે ભાવના,લાગણી, સંવેદના જેવા વેદિયા લાગતા શબ્દો સાથે જીવતો હોય તેને સમજતો હોય. કમનસીબે અત્યારે પ્રેમ ગણતરીબાજ અને આવશ્યકતા મુજબનો થઈ ગયો છે. પ્રેમના ગણિત મંડાય છે.

એક વાત જે પોતાની માટે સાચી હોય તે અન્ય વ્યક્તિ માટે ખોટી બની જાય છે,કારણકે ક્યાક ને ક્યાક ત્યાં તેમનો અહં ઘવાતો હોય છે.

અહીં દુશ્મનો અને મિત્રની વ્યાખ્યા ઝડપથી બદલાઈ રહી છે. એક સમયનો કટ્ટર દુશ્મન કામ પડતા ખાસ મિત્ર બની જાય છે, સ્વાર્થ અને દંભની બોલબાલા સાથે મિત્રતા અને દુશ્મનીની પારાશીશી બદલાઈ જાય છે.

કાર્યક્રમ કોઈનો પણ હોય ફેસબુક પર પોતાનો ફોટો એવી રીતે પોસ્ટ કરવાનો કે જાણે આખો કાર્યક્રમ તે વ્યક્તિમય હોય. વળી કેટલાંક તો એવા મહાનુભાવ હોય છે કે બીજાના કાર્યક્રમમાં સ્વયં આમંત્રિત બનીને આવનાર મહેમાન પાસે પોતાનું પુસ્તક લઈને પહોંચી જશે અને ફોટો પડાવીને રજૂઆત એવી કરશે કે જાણે સમગ્ર કાર્યક્રમ જ તેમના થકી થયો હોય. ઘડીભર તો બીજા દિવસે મહેમાન પણ ફેસબુક પોતાના ફોટા નવાગંતુક સાથે જોઈને અચંબિત થઈ જાય છે, કે હું કાલે ક્યાં અને કોના કાર્યક્રમમાં ગયો હતો ? સોશ્યલ મિડીયા પર લાઈક્સ મેળવવાં માંગતો લોકપ્રિયતા વાંચ્છતા લોકોને કોણ જાણે કેમ એવું લાગતું હશે કે તેમની આ ઘેલછા કોઈને ધ્યાનમાં નથી આવી!! અને હું હાંસીનું પાત્ર તો બનીશ જ નહીં. જલેબી જેવું વ્યક્તિત્વ ધરાવતા માણસો પોતાના કુંડાળામાં જ અટવાતા રહે છે.

બે મિનિટ પહેલા જ જેની સાથે લળી લળીને વાતો થતી હોય તે જ વાત તેના ગયા પછીની બીજી જ ક્ષણે નિંદામાં પરિણમે છે. આપણા મુખમાંથી અસ્ખલિત પ્રવાહે વાણીવિલાસ વહે રાખે છે. આપણી વાણી અસ્પષ્ટ અને વિચારો કઢંગુ સ્વરુપ ધારણ કરી રહ્યું છે. યુસુફ બુકવાલાનું એક મુક્તક અત્યારે યાદ આવે છે.

મેં નદી પાસેથી માંગી હતી નિર્મળતા, મળી,
ફુલ પાસેથી મેં ચાહી હતી કોમળતા, મળી,
માત્ર હમદર્દીનો યાચક થયો માનવ પાસે,
શું એ કહેવાની જરુરત છે કે નિષ્ફળતા મળી !

અને આપ જાણો છો! આ બધામાં ડરવા જેવું શું છે? ડરવાની વાત એ છે કે હવે આ દંભ,સ્વાર્થ,ચાપલૂસી,ડબલઢોલકીપણું માણસમાં એટલી હદ સુધી વિસ્તરી ચૂક્યું છે કે તે પોતે પણ સમજી શકતો નથી કે તેનામાં રહેલો સ્વાર્થી આત્મા ક્યારે શુદ્ધાત્મા પર હાવિ થઈ જાય છે. 'સ્પ્લીટ પર્સોનાલીટી' ધરાવતો આજનો વ્યક્તિ ખૂબ જ ખતરનાક થઈ ગયો છે.

ક્યારે એક વ્યક્તિ તરફ પ્રેમ તો વળી ક્યારેક તે જ વ્યક્તિ પ્રત્યે ઈર્ષ્યા. ક્યારે વફાદારી ક્યારેક ગદ્દારી આ બધુ સહજ થઈ ગયું છે.કોઈ ભેદરેખા નથી રહી.બધુ એ હદે મિશ્રિત થઈ ગયું છે કે સ્વયં પરમાત્માને પણ વર્ગીકરણ કરવાનુ આવે તો ગોથે ચડે.માણાસ એટલો પચરંગી બની ગયો છે કે દંભ અને સ્વાર્થની ટેરેટરી ક્યારે ચાલુ થઈ અને પ્રેમ અને સંવેદનાઓની ભાવનાઓ કયારે પાછળ છુટી ગઈ તે ભાન જ નથી રહેતું.

પણ આપણે આશાવાદી રહેવાનું છે. કવિ અશોક વાજપેયીનું પણ એ જ કહેવું છે. તેમની નિમ્ન કવિતા આપણે વાંચીએ સમજીએ અને આચરઈએ પણ ખરા.

જો બચી શકે તો તે જ બચશે
આપણા બધામાંથી થોડોક અમથો માણસ
જે રોફ સામે નથી કરગરતો
જે ઠગાય છે પણ પ્રેમ કરવાનું મૂકતો નથી
જે દૂધમાં પાણી મેળવતા અચકાય છે.
જે બીજાની ચોપડેલી ખાતા પહેલા બૂજાની સુક્કીનો વિચાર કરે છે.
તે જ થોડોક અમથો માણસ
જે વૃદ્ધ પાસે બેસતા નથી કંટાળતો અને દુનિયાને નરક બનાવી દેવા માટે બીજાને નથી ભાંડતો.
તે જ થોડોક અમથો માણસ
જો બચી શકે તો તે જ બચશે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# હૃદયમાં વસી જાય એવી છે હરેકાલાના જીવનની કહાની




સ્કોટલેન્ડના જાણીતા લેખક સેમ્યુઅલ સ્માઈલ્સ એક અદભુત ચિંતક અને વિચારક હતા. એમણે 'સેલ્ફ હેલ્પ' નામના સરસ પુસ્તક દ્વારા વિકાસની સંભાવનાઓ ઉજાગર કરી છે. સ્માઈલ્સ માનતા હતા કે, આગળ વધવા માટે નવા દ્રષ્ટિકોણ અને પરિવર્તનશીલ વલણની જરૂરીયાત હોય છે. નવા નિયમો જૂના વિચારો સાથે જોડવાથી જ્યાં છીએ ત્યાંથી ઉપર ક્યારેય ઊઠી ન શકાય.

કોઈપણ વિચાર પાછળ લગનપૂર્વકની સમર્પણભાવના નિઃસંદેહપણે ઉત્તમ પરિણામ આપે છે. સમર્પિત થવું એટલે સંપૂર્ણ શ્રદ્ધા સાથે કાર્યમાં જોડાવું. સમર્પણ ક્યારેય બાહ્ય અને ઉપલક ન હોઈ શકે. સમર્પણ તો આંતરિક દ્રઢતાનો વિષય છે. જ્યારે સમર્પણની સમજ પાકી થાય ત્યારે અંતરમાં પડેલી સુરક્ષાની ખોખલી દિવાલો તૂટી જાય છે. કશુક સારું કરવું હોય તો કરોડોપતિ કે અબજોપતિ હોવું જરૂરી નથી. સારું કરવા માટે સમર્પિત થવાની જરૂર હોય છે એ વાત હરેકાલા હજબ્બાએ દેશ અને દુનિયાને બતાવી આપી.

વર્ષ-૨૦૨૧માં ભારત સરકારે પદ્મ પુરસ્કારો આપ્યા એની યાદીમાં કર્ણાટકના હરેકાલા હજબ્બા નામ સાંભળતા સૌ કોઈને નવાઈ લાગી હતી. હજબ્બા પદ્મશ્રી પુરસ્કારથી નવાજાયા ત્યારે એ ખુલ્લા પગે, સફેદ લુંગી, સફેદ પહેરણ અને સફેદ ખેસમાં આવ્યા હતા. કેટલો સાહજિક અને સમર્પિત વ્યક્તિ ! દુનિયા તમને કઈ નજરે જુએ છે કે પછી, દુનિયાને તમે કેવી નજરે જૂઓ છો એના કરતાં તમે તમારી જાતને કઈ રીતે જૂઓ છો એ સૌથી અગત્યની બાબત છે. જ્યાં સુધી તમે તમારી માટે અગત્યની વ્યક્તિ છો અને જ્યાં સુધી તમે તમારી માટે અડગ, અટલ છો ત્યાં સુધી દુનિયાની કોઈ તાકાત તમને તમારા ઈરાદા, અરમાન, સપના અને આત્મવિશ્વાસને તોડી નહીં શકે. હજબ્બાએ આ કરી બતાવ્યું છે.

ભારતની ખુશકિસ્મતી છે કે, નરેન્દ્રભાઈ મોદીના રૂપમાં દીઘર્દ્રષ્ટા, વિચારવંત અને પ્રેરણાદાયી રાજપુરુષ પ્રધાનમંત્રી તરીકે મળ્યા છે. હજબ્બા જેવા સાદા, સરળ અને કાર્યસમર્પિત વ્યક્તિને પદ્મ પુરસ્કાર આપવાનો નિર્ણય નરેન્દ્રભાઈ જેવા વિચક્ષણ રાજપુરષ જ લઈ શકે. વર્ષ ૨૦૨૧માં હરેકાલા સાથે સાતને પદ્મવિભૂષણ, દસને પદ્મભૂષણ, અને ૧૦૨ને પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયા. એમાં ગુજરાતના ૧૨ મુઠ્ઠી ઊંચેરા ગુજરાતીઓ પદ્મ પુરસ્કારથી વિભૂષિત કરવામાં આવ્યા છે.

આ બધા પદ્મ વિભૂષિત વ્યક્તિઓની વિશેષતા એ છે કે, એમણે એમના વિચારને સમર્પણ ભાવનાથી ઊછેર્યો અને એને અદભુત ઊંચાઈ આપી. હરેકાલા હજબ્બાનું જીવન અનુકરણીય છે. હજબ્બાનો જન્મ કર્ણાટકના અંતરિયાળ ગામ ન્યુપાપડુમાં અત્યંત ગરીબ પરિવારમાં થયો છે. હરેકાલા છ વર્ષના થયા ત્યારે પરિવારની આર્થિક સંકડામણ દૂર કરવા માટે તેમની માતા સાથે બીડી વાળવાનું કામ કરવા જતા. ઘરમાં ખાવાના સાંસા અને દારૂણ ગરીબીના કારણે સ્વાભાવિક રીતે જ હજબ્બા શાળામાં જઈ ભણી શક્યા ન હતા.

શિક્ષણના અભાવને કારણે હરેકાલાને જીવનમાં ઘણી તકલીફોનો સામનો કરવો પડ્યો છે. અશિક્ષિત હોવાથી એમને શિક્ષણના મહત્વનો બરાબર ખ્યાલ રહેતો. યુવાનીના ઊંબરે પગ મૂકતા વેંત હજબ્બાએ સંતરા વેચવાનો વ્યવસાય શરૂ કર્યો. ટોપલામાં સંતરા ભરી, ચાલીને સંતરા વેચવા એ જતા. રોજ ૧૫૦ રૂપિયા જેટલું એ કમાઈ લેતા. એક દિવસની વાત છે. કર્ણાટક ફરવા આવેલા વિદેશી સહેલાણીએ હજબ્બાને સંતરાનો ભાવ પૂછ્યો. પરંતુ અંગ્રેજી ન જાણતા નિરક્ષર હજબ્બા એમની વાત જ સમજી ન શક્યા. આ કહાની સોશીયલ મીડિયા ઉપર અને અખબારોમાં બહુ વાયરલ થઈ છે.

આ ઘટનાએ હરેકાલાને હચમચાવી મૂક્યા. એ પોતાની જાતને અસહાય અને મજબૂર મહેસૂસ કરવા લાગ્યા. એ જ ક્ષણે આ અભણ ગામડાના યુવાને નિર્ણય લીધો કે અંગ્રેજી ન આવડવાના કારણે જે તકલીફ એમને પડી એ ગામના બીજા બાળકોને ન પડે એટલા માટે એક શાળા ખોલશે. વર્ષ ૧૯૯૯માં એક મસ્જિદમાં એમણે નાની અમથી શાળાની શરૂઆત કરી. શરૂ શરૂમાં બહુ ઓછા બાળકો ભણવા આવતા. સંતરા વેચીને થોડા વધુ પૈસા એકઠા કરીને એમણે વર્ષ ૨૦૦૪માં શાળા માટે જમીન ખરીદી. જો કે એ માત્ર જમીન જ ખરીદી શક્યા. શાળાનું મકાન બનાવવા જેટલા એમની પાસે પૈસા જ ન હતા. ઓળખીતા પાળખીતાની મદદ મેળવી એમણે એ જમીન ઉપર 'દક્ષિણ કન્નડ જિલ્લા પંચાયત ઉચ્ચ પ્રાથમિક શાળા' શરૂ કરી. એ સમયે ચાર શિક્ષકો બાળકોને ભણાવતા. સમય જતા સરકાર તરફથી હજબ્બાને સહાય મળી. પછી તો આ શાળા એક એકરની ભૂમિ ઉપર માધ્યમિક વિદ્યાલય બની. સમર્પણ ભાવનાથી હરેકાલા હજબ્બાએ એક અવિસ્મરણીય કાર્ય કરી બતાવ્યું.

કન્નડ અખબાર કન્નડ પ્રભાએ 'પર્સન ઓફ યર'નો ખિતાબ હરેકાલને આપ્યો છે. સામાજિક કાર્યકર અને જાણીતા લેખક ઈસ્મથ પજીરે હજબ્બાના જીવન ઉપર 'હરેકાલા હજબ્બા જીવન ચરિત્ર' નામનું પુસ્તક પણ લખ્યું છે. મેંગ્લોર યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં હજબ્બાના જીવન ઉપર એક ચેપ્ટર સમાવિષ્ટ કરાયું છે. સીએનએન આઈબીએન અને રિલાયન્સ ફાઉન્ડેશને હરેકાલાને 'રીયલ હિરોઝ' એવોર્ડથી નવાજ્યા છે. જુદી જુદી પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને વ્યક્તિઓએ હરેકાલાની પ્રવૃત્તિની નવાજી છે. જો કે એનાથી હરેકાલાના જીવન અને કાર્યમાં કોઈ અહંકારની ભાવના આજ સુધી નથી ઉભી થઈ એ ખાસ નોંધ લેવા જેવી બાબત છે. બાકી સામાન્ય બાબતનો સમાજમાં સ્વીકાર થાય, થોડા ઘણા વખાણ થાય એટલે વ્યક્તિના મગજમાં રાઈ ભરાઈ જાય અને પછી હવામાં ઉડવા લાગે.

બીબીસીએ નવેમ્બર-૨૦૧૨માં 'અભણ ફળ વિક્રેતાનું ભારતીય શિક્ષણનું શમણું' શીર્ષક સાથે હરેકાલા ઉપર લેખ પ્રસિદ્ધ કર્યો હતો. હરેકાલા રેશનીંગની દુકાને સામાન લેવા લાઈનમાં ઊભા હતા ત્યારે એમનો મોબાઈલ ફોન રણક્યો અને સામે છેડેથી અવાજ આવ્યો કે, 'તમને પદ્મશ્રી સન્માન મળ્યું છે.' સંતરા વેચવાની ફેરી કરતા હરેકાલાની કહાની દેશ-વિદેશના લોકોના હૃદયમાં વસી ગઈ છે. સોશિયલ મીડિયા ઉપર હરેકાલાના જીવનની વાત તેજ રફતારથી વાયરલ થઈ રહી છે.

પાસે રહેવા માટે ઢંગનું મકાન નથી અને સાજ સજાવટના પૈસા નથી પરંતુ પોતાના એક વિચારના સામર્થ્ય અને સમર્પણભાવનાથી હરેકાલાએ પોતાના સપનાને સાકાર કર્યુ છે. માર્ગમાં ગમે એટલી મુશ્કેલીઓ આવી પણ અડગ રહી વિચારને સમર્પિત થઈને એમણે પોતાના લક્ષ્ય ભણી આગળ વધવાનુ ચાલુ રાખ્યું, પાછળ વળીને ક્યારેય જોયું નથી.

**ધબકાર :** જીવન એવું જ હોય છે, જેવું વ્યક્તિ એને બનાવે છે.